GJJN110003672024

सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | 24 | 07 | 2024 |
| દાખલ તારીખ | : | 24 | 07 | 2024 |
| ફેસલ તારીખ | : | 11 | 05 | 2026 |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | 01 | 09 | 18 |

**આંક : ૩૯.**

---

**મહેરબાન ભેસાણના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ભેસાણ.**

---

**:: નમૂના–અ ::**

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૧૧/૦૫/૨૦૨૬. |
| **ફોજદારી કેસ નંબર** | **૨૬૩/૨૦૨૪.** |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯, ૪૫૭ તથા ૧૧૪ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૦૭૨૪૦૦૦૯/૨૦૨૪. |
| પોલીસ સ્ટેશન | ભેસાણ પોલીસ સ્ટેશન. |
| ફરિયાદ પક્ષ | **શ્રી સરકાર**<br>(મુળ ફરિયાદી : ચીરાગભાઈ ગોપાલભાઈ કોરાટ) |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એમ.એચ.સિંધી. |
| બચાવ પક્ષ | **(૧) વિક્રમભાઈ બચુભાઈ વાઘેલા,**<br>ઉ.વ.૩૦, ધંધો : મજુરી,<br>રહે.થુંબાળા,તા.વિસાવદર,જી.જુનાગઢ.<br><br>**(૨) ભરત ઉર્ફે શંકર ગભરુભાઈ વાળદોરીયા,**<br>ઉ.વ.૨૭, ધંધો : મજુરી,<br>રહે.મેદપરા,તા.ભેંસાણ,જી.જુનાગઢ.<br>હાલ રહે.વીરપુર રાજકોટ હાઈવે,<br>દ્વારકાધીશ હોટેલની પાસે,જી.રાજકોટ. |
| રજુઆત | બી.એન.એસ.એસ. કલમ–૩૩૫ મુજબ આરોપીઓની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ છે. |

## :: નમૂના–બ ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૨/૦૧/૨૦૨૪. |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૫/૦૧/૨૦૨૪. |
| આખરી અહેવાલની તારીખ | ૧૬/૦૪/૨૦૨૪. |
| તહોમતનામાની તારીખ | –– |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૧/૦૨/૨૦૨૬. |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | –– |
| ચૂકાદાની તારીખ | ૧૧/૦૫/૨૦૨૬. |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

## :: આરોપીની વિગત ::

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિક્રમભાઈ બચુભાઈ વાઘેલા, | ૧૬/૦૧/૨૦૨૪ | ૨૩/૦૧/૨૦૨૪ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯, ૪૫૭ તથા ૧૧૪ મુજબ. | – | – | – |
| ૨ | ભરત ઉર્ફે શંકર ગભરુભાઈ વાળદોરીયા, | ૧૬/૦૧/૨૦૨૪ | ૨૩/૦૧/૨૦૨૪ | | | | |

## :: નમૂનો ક ::

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષના સાક્ષી**

| ક્રમ. | પુરાવાનો પ્રકાર | સાહેદનું નામ | આંક |
|---|---|---|---|
| ૧. | પંચ સાહેદ | દામજીભાઈ હંસરાજભાઈ કોરાટની જુબાની. | ૧૮ |
| ૨. | પંચ સાહેદ | વિનોદભાઈ મોહનભાઈ રૂદાણીની જુબાની. | ૨૦ |
| ૩. | સાહેદ | કમલેશભાઈ રમેશભાઈ કોરાટની જુબાની. | ૨૧ |

| | | | |
|---|---|---|---|
| ૪. | સાહેદ | નરસિંહભાઈ ખીમજીભાઈ હરખાણીની જુબાની. | ૨૨ |
| ૫. | ફરીયાદી | ચિરાગભાઈ ગોપાલભાઈ કોરાટની જુબાની. | ૩૧ |
| ૬. | સાહેદ | ચંદુભાઈ દેવરાજભાઈ પાઘડાળની જુબાની. | ૩૩ |
| ૭. | સાહેદ | શાંતિલાલ હંસરાજભાઈ ઉસદડની જુબાની. | ૩૪ |
| ૮. | સાહેદ | સુરેશભાઈ ભાચાભાઈ રામોલીયાની જુબાની. | ૩૫ |
| ૯. | સાહેદ | મનજીભાઈ પોપટભાઈ મોણપરાની જુબાની. | ૩૬ |
| ૧૦. | સાહેદ | કમલેશભાઈ પોપટભાઈ ઉમરેટીયાની જુબાની. | ૩૭ |
| ૧૧. | સાહેદ | લાલજીભાઈ ભીખુભાઈ ઉમરેટીયાની જુબાની. | ૩૮ |

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી**
**અ. ફરિયાદ પક્ષ**

| **ક્રમ.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ. | ૧૯ |
| ૨. | અસલ ફરીયાદ. | ૩૨ |

**ડ. ભૌતિક પદાર્થ :** ભેંસાણ પોલીસ સ્ટેશન – ૧૧૨૦૩૦૦૭૨૪૦૦૦૯/એમ.પી./૧, તા.૧૬/૦૧/૨૦૨૪ માં જણાવ્યા મુજબ.

| **અનુ. નં.** | **ભૌતિક પદાર્થ સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | ૨ | કોપરના તાર ભરેલ પ્લાસ્ટિકનું બાચકુ |
| ૨. | ૨ | દાતરડા |

## ઠ રા વ

(૧). આ કામે ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૨/૦૧/૨૦૨૪ ના રાત્રીના બાર વાગ્યાથી તા.૧૩/૦૧/૨૦૨૪ ના પાંચ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન કોઈ પણ સમયે આ કામના ફરીયાદીની તથા સાહેદ કમલેશભાઈ કોરાટ, સાહેદ ચંદુભાઈ, સાહેદ નરસિંહભાઈ, સાહેદ કમલેશભાઈ ઉમરેટીયાની છોડવડી ગામથી કરીયા ગામ તરફ જતા રોડ પર આવેલ વાડીએથી આ કામના ફરીયાદીની જમીન પર પાથરેલ મોટરનો કેબલ જે આશરે ૨૭૦ ફુટ જેની આશરે કિં.રૂા. ૧૫,૫૦૦/– ની ચોરી કરી તથા આ કામના ઉપરોકત સાહેદોની વાડીએથી કેબલ ચોરી કરી નાસી જઈ બાદમાં પકડાઈ જઈ ગુન્હો કર્યાની ફરીયાદીએ ભેંસાણ પોલીસ

સ્ટેશનમાં ફરીયાદ લખાવતાં, ફરીયાદીની ફરીયાદ આધારે તપાસ કરનાર અધિકારી એ તપાસ હાથ ધરી, તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂધ્ધ હાલના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ રાખેલ છે.

(૨). આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થતા આરોપીઓને પ્રોસેસની બજવણી માટે સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ, જેમાં આરોપીઓ હાજર મળી આવેલ નથી તેવા શેરા સાથે પોલીસ રીપોર્ટ રજુ થયેલ પરંતુ પ્રોસીક્યુશન વોરંટની બજવણી કરી શકેલ નથી તેમજ ભવિષ્યમાં પણ આરોપીઓને અત્રે અદાલત સમક્ષ હાજર રખાવી શકે તેવી કોઈ શકયતા જણાઈ આવતી ન હોઈ આરોપીઓની ગેરહાજરીના કારણે સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચાલી શકતી ન હોઈ તેથી આરોપીઓની ગેરહાજરીમાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનું વ્યાજબી જણાતુ હોય નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકર્યુલર નં.સી.૨૬૧૮/૨૦૧૬ મુજબ બી.એન.એસ.એસ. ની કલમ–૩૩૫ મુજબ આરોપીઓની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવાનો આંક–૧ નીચે હુકમ કરવામાં આવેલ છે.

(૩). આ કામે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષ તરફે ઉપરોકત નમુના 'ક' માં જણાવ્યા મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

(૪). ત્યારબાદ, આ કામે કેસ રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદ પક્ષે બીજા કોઈ સાહેદ તપાસવા ના બાકી રહેતા ન હોય અને વિ.એ.પી.પી.શ્રીએ મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાનું જાહેર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫). આ કામે ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.એચ.સીંધીની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં આ કામે ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનો ગુનો વાજબી શંકાથી પર પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ જે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ આરોપીઓને સખત સજા કરવા અરજ કરેલ છે.

(૬). ઉપરોકત તમામ હકીકતને ઘ્યાનમાં લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

(૧). શું ફરીયાદ પક્ષ એ હકીકત વાજબી શંકાથી પર સાબિત કરે છે કે, તા.૧૨/૦૧/૨૦૨૪ ના રાત્રીના બાર વાગ્યાથી તા.૧૩/૦૧/૨૦૨૪ ના પાંચ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન કોઈ પણ સમયે આ કામના ફરીયાદીની તથા સાહેદ કમલેશભાઈ કોરાટ, સાહેદ ચંદુભાઈ, સાહેદ નરસિંહભાઈ, સાહેદ કમલેશભાઈ ઉમરેટીયાની છોડવડી ગામથી કરીયા ગામ તરફ જતા રોડ પર આવેલ વાડીએથી આ કામના ફરીયાદીની જમીન પર પાથરેલ મોટરનો કેબલ જે આશરે ૨૭૦ ફુટ જેની આશરે કિં.રૂા.૧૫,૫૦૦/– ની ચોરી કરી તથા આ કામના ઉપરોકત સાહેદોની વાડીએથી કેબલ ચોરી કરી નાસી જઈ બાદમાં પકડાઈ જઈ, ભારતીય દંડ સંહીતાની કલમ–૩૭૯ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કર્યો છે ?

(૨). આખરી શું હુકમ ?

(૭). ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**કા ર ણો**

**<u>મુદ્દા નં.૧</u> :–**

(૮). આ કામે ફરીયાદપક્ષે તહોમતદારો વિરૂઘ્ધ એ પ્રકારનું તહોમત મુકવામાં આવેલ છે કે, તા.૧૨/૦૧/૨૦૨૪ ના રાત્રીના બાર વાગ્યાથી તા.૧૩/૦૧/૨૦૨૪ ના પાંચ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન કોઈ પણ સમયે આ કામના ફરીયાદીની તથા સાહેદ કમલેશભાઈ કોરાટ, સાહેદ ચંદુભાઈ, સાહેદ નરસિંહભાઈ, સાહેદ કમલેશભાઈ ઉમરેટીયાની છોડવડી ગામથી કરીયા ગામ તરફ જતા રોડ પર આવેલ વાડીએથી આ કામના ફરીયાદીની જમીન પર પાથરેલ મોટરનોકેબલ જે આશરે ૨૭૦ ફુટ જેની આશરે કિં.રૂા.૧૫,૫૦૦/– ની ચોરી કરી તથા આ કામના ઉપરોકત સાહેદોની વાડીએથી

કેબલ ચોરી કરી નાસી જઈ બાદમાં પકડાઈ જઈ, ભારતીય દંડ સંહીતાની કલમ–૩૭૯,૪૫૭ તથા ૧૧૪ મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં આવેલ છે.

(૯). ત્યારબાદ આ કામે રેકર્ડ જોતા તપાસ કરનાર અમલદારશ્રીએ તા.૧૭/૦૧/૨૦૨૪ ના રોજ ભારતીય દંડ સંહીતાની કલમ–૪૫૭ તથા ૧૧૪ મુજબના ગુનાનો ઉમેરો કરવા માટે અરજી રજુ કરતા અમારા પુરોગામી ન્યાયાધિશશ્રીએ KEPT WITH FIR હુકમ કરેલ. વધુમાં આ કામે ચાર્જશીટ રજુ થયા બાદ અવારનવાર વોરંટ કરવા છતાં આરોપીઓ પકડાયેલ ન હોય, આરોપીઓ વિરુધ્ધ તહોમતનામું ઘડવામાં આવેલ ન હોય અને આરોપીઓ વિરુધ્ધના આક્ષેપો ધ્યાને લેતાં, આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોના ખેતરોમાં ગુનાહિત અપપ્રવેશ કરી ખેતરમાં રહેલો કોપરનો વાયરની ચોરી કરેલ હોય જેથી આ કામે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૭૯, ૪૫૭ તથા ૧૧૪ મુજબના ગુનો બનતો હોય ત્યારે ઉપર મુજબના ગુના આરોપીઓએ આચરેલ છે તે હકીકત વાજબી શંકાથી પર, ફરીયાદ પક્ષે પુરવાર કરવી જોઈએ.

(૧૦). આ કામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯** વંચાણે લેવામાં આવે તો,

(૧) શું આરોપીઓએ જંગમ મિલકતની ચોરી કરેલ છે.

(૨) આ જગમ મિલકત કોઈ વ્યકિતના કબજામા હતી અને આરોપીઓએ તે વ્યકિતના કબજામાંથી સદર મિલકત તેઓની સમંતિ વગર અપ્રમાણિકપણે ખસેડવામા આવેલી.

(૧૧). આ કામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૭** વંચાણે લેવામાં આવે તો,

Whoever commits lurking house-trespass by night, or house-breaking by night in order to the committing of any offence punishable with imprisonment, shall be punished with imprisonment of either description for a term which may extend to five years, and shall also be liable to fine;

**And**, if the offence intended to be committed is theft, the term of the imprisonment may be extended to fourteen years.

(૧૨). આ કામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪** વંચાણે લેવામાં આવે તો,

Whenever any person who if absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence.

(૧૩). સદર કામે ફરીયાદ પક્ષ તરફે તપાસવામાં ઉપરોકત તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા, આરોપીઓ વિરૂધ્ધનો ઉપરોકત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષે આંક–૩૧ થી ફરીયાદી ચિરાગભાઈ ગોપાલભાઈ કોરાટને સોગંદ પર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, આશરે બે વર્ષ પહેલા છોડવડી ગામથી કરીયા ગામ તરફ જતા રોડ ઉપર આવેલ તેઓની જમીનમાં આવેલ બોરમાં રાત્રીના સમયે તેઓ મોટર ચાલુ રાખી પાણી આવેલ અને મોટર બંધ કરી જતા રહેલ. ત્યારબાદ બીજા દિવસે વહેલી સવારે તેઓએ વાડીએ જઈને જોયુ તો બોરમાં ઉતારેલ મોટરનો કેબલ આશરે ૨૭૦ ફુટ જેટલો જમીન ઉપર પાથરેલ હતો તે જોવામાં આવેલ નહી. આજુબાજુમાં તપાસ કરવા છતાં પણ મળી આવેલ નહી. તપાસ કરતા જાણવા મળેલ કે, તેઓની વાડીની આજુબાજુ આવેલ ખેતરવાળાના પણ કેબલ વાયરો ચોરી થયેલ છે. જે કોઈ અજાણ્યો ઈસમ આ કેબલ વાયરોની ચોરી કરી ગયેલ.તે ઈસમ કોણ હતો તે તેઓને ખબર નથી. તેઓએ અપોલીસમાં ફરીયાદ આપેલી. જયારે આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ.એસ. ની કલમ–૩૩૫ મુજબ આરોપીઓની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ થયેલ હોય, આરોપીઓ તરફે ઉલટ તપાસ નથી.

(૧૪). ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૨૧ થી સાહેદ કમલેશભાઈ રમેશભાઈ કોરાટની તથા આંક–૨૨ થી સાહેદ નરસિંહભાઈ ખીમજીભાઈ હરખાણીની તથા આંક–૩૩ થી સાહેદ ચંદુભાઈ દેવરાજભાઈ પાઘડાળની તથા આંક–૩૪ થી સાહેદ શાંતિલાલ હંસરાજભાઈ ઉસદડની તથા આંક–૩૫ થી સાહેદ સુરેશભાઈ ભાયાભાઈ રામોલીયા ની તથા આંક–૩૬ થી સાહેદ મનજીભાઈ પોપટભાઈ મોણપરાની તથા આંક–૩૭ થી સાહેદ કમલેશભાઈ પોપટભાઈ ઉમરેટીયાની તથા આંક–૩૮ થી સાહેદ લાલજી

ભીખુભાઈ ઉમરેટીયાને સોગંદ પર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બે વર્ષ પહેલા રાણપુર ગામમાં આવેલ તેઓ તમામની વાડીએ કેબલ જમીન ઉપર પાથરેલ હતા. તેમાંથી કમલેશભાઈની વાડીએથી ૨૦૦ ફુટના નરસિંહ ભાઈની વાડીએથી ૧૦૦ ફુટના તથા ચંદુભાઈની વાડીએથી ૨૭૦ ફુટના તથા શાંતિ લાલની વાડીએથી ૩૦૦ ફુટના તથા સુરેશભાઈની વાડીએથી ૧૫૦ ફુટના તથા મનજીભાઈની વાડીએથી ૨૦૦ ફુટના તથા કમલેશભાઈની વાડીએથી ૨૭૦ ફુટના તથા લાલજીછભાઈની વાડીએથી ૧૨૦૦ ફુટના કેબલની ચોરી થયેલી. આ અંગેની ફરીયાદ ચીરાગભાઈ ગોપાલભાઈ કોરાટે કરેલી.પરંતુ તેમના કેબલની ચોરી થયેલ હોય જેથી આ ગુનામા ઉપરોકત તમામને સાહેદ તરીકે દર્શાવેલા અને તેઓનો જવાબ પોલીસે લીધેલો.આ ચોરી કોણ કરી ગયેલુ તે ખબર નથી,પરંતુ કોઈ મેદપરા ગામના ઈસમને પોલીસે પકડેલ હતા તેવુ સાહેદોને જાણવા મળેલુ. જયારે આરોપી ઓ વિરૂઘ્ઘ બી.એન.એસ.એસ.ની કલમ-૩૩૫ મુજબ આરોપીઓની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ થયેલ હોય, આરોપીઓ તરફે ઉલટ તપાસ નથી.

**(૧૫).** ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક-૧૮ થી પંચ સાહેદ દામજીભાઈ હંસરાજભાઈ કોરાટ તથા આંક-૨૦ થી પંચ સાહેદ વિનોદભાઈ મોહનભાઈ રૂદાણી તેમની સોગંદ પરની જુબાનીમાં આંક-૧૯ થી બનાવવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે, આ સિવાય પંચનામાની કોઈ હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.

**(૧૬).** આમ, ઉપરોકત સમગ્ર હકીકતો તથા પુરાવા ઘ્યાને લેતાં આ કામે તપાસવામાં આવેલા પંચ સાહેદોએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને ફરી ગયેલા જાહેર થયેલ છે.જેથી આંક-૧૯ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામા ની હકીકત પુરવાર થતી નથી. તેમજ ફરીયાદી સાહેદની સોગંદ ઉપરની જુબાની ઘ્યાને લેતાં, ફરીયાદી સાહેદે પોતાની દુકાનમાં ચોરી થયેલાની હકીકતને સમર્થન આપેલ છે, પરંતુ આ ચોરી કરનાર કોણ હતો તે તેઓ જાણતા નથી તેવી હકીકત જણાવેલ છે. આમ, આ કામના ફરીયાદી હાલના આરોપીઓ વિરૂઘ્ઘના આક્ષેપિત

ગુનાની કોઈ હકીકતને સમર્થન આપતા નથી. જેથી ફરીયાદ પક્ષનો કેસ શંકાથી ઘેરાયેલો છે. આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાના આધારે આ કામના આરોપી ઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો આવેલ નથી અને સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામે આરોપીઓએ ફરીયાદ હકીકત મુજબનો ગુનો કરેલ હોવાનું ફરીયાદ પક્ષ વાજબી શંકાથી પર રીતે પુરવાર કરી શકેલ નથી.

(૧૭). આમ, ઉપરોકત ફરીયાદ પક્ષના સાહેદોની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેવામાં આવે તો, આ કામે ફરીયાદ પક્ષના સાહેદ, ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ નથી. આમ, આ કામના આરોપીઓને સદર ગુનાના કામે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય, સદર ગુનાના કામે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૮). વધુમાં, ફોજદારી કેસોમાં આરોપીઓ વિરૂધ્ધનો ગુનો ફરીયાદ પક્ષે પોતાનો કેસ પોતાના જ પુરાવાથી વાજબી શંકાથી પર (બીયોન્ડ રીઝનેબલ ડાઉટ) સાબિત કરવાનો રહે છે અને ફરીયાદ પક્ષ જો પોતાનો કેસ સાબિત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીઓને મળે.

(૧૯). વધુમાં, **સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન, ૧૯૯૬(૩) ક્રાઈમ્સ ૮૫** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દવારા પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વના સાહેદો ફરીયાદ પક્ષનાં કેસને સમર્થન આપતા ન હોય ત્યારે બાકી ના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી.સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે :–

When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

(૨૦). વધુમાં, **નામદાર સર્વોચ્ચ અદાલતના વિરસિંઘ વિ.સ્ટેટ ઓફ યુ.પી., ((2014) 2 SCC 455)** Cri. Appeal No.256-257 of 2009 ના પેરા નંબર–૧૭ મા કરવામાં આવેલ અવલોકન ધ્યાને લઈએ તો, Legal system has laid emphasis on value,

weight and quality of evidence rather than on quantity multiplicity or plurality of witnesses. It is not the number of witnesses but-quality of their evidence which is important as there is no requirement under the Law of Evidence that any particular number of witnesses is to be examined to prove/disprove a fact. Evidence must be weighed and not counted. It is quality and not quantity which determines the adequacy of evidence as has been provided under Sec.134 of the Evidence Act. As a general rule the Court can and may act on the testimony of a single witness provided he is wholly reliable. જે ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, કેસમાં કેટલા સાહેદો તપાસેલ છે તે મહત્વનું હોતુ નથી, પરંતુ તે સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા (કવોલીટી) મહત્વની બની રહે છે. એટલે કે સાક્ષીઓની સંખ્યા મહત્વની નહીં પરંતુ સાક્ષીઓએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની બની રહે છે.

**(૨૧).** નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં, આરોપીઓને હાલના ગુનાના કામે સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## હુકમ

**(૧).** આ કામના આરોપી નં.(૧) વિક્રમભાઈ બચુભાઈ વાઘેલા તથા નં.(૨) ભરત ઉર્ફે શંકર ગભરુભાઈ વાળદોરીયાને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯, ૪૫૭, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૨ મુજબ બિન–તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨).** આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ (૧). કોપરના તાર ભરેલ એક સફેદ કલરનું પ્લાસ્ટિકનું બાચકુ આશરે ૩૫ કિ.ગ્રા. તથા (૨). કોપરના તાર ભરેલ બાચકુ આશરે ૧૫ કિ.ગ્રા. સંબંધે જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો આ કોપર તારના માલીકની ખરાઈ કરી અપીલ સમય બાદ તેના માલીકને સોંપવા હુકમ

કરવામાં આવે છે. વધુમાં, આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ લાલ કલર ના હાથાવાળું દાંતરડાને અપીલ સમય વીત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩). આરોપીઓ વિરૂધ્ધ ઈસ્યુ કરેલ બિનજામીન લાયક વોરંટ પરત મંગાવવા સબંધીત પો.સ્ટે. યાદી કરવી.

હુકમ આજ તા.૧૧ મી, માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૧/૦૫/૨૦૨૬.
મુ.ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભેસાણ.
(જજ કોડ નંબર–જીજે ૦૧૩૯૧)